સેક્ટર-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં ગટર, માર્ગ અને થાંભલા અપગ્રેડ કરવા માંગ

જલારામ મંદિરના દર્શન-આરતીના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૨૯ સ્થિત જલારામ મંદિરે આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા સમયપત્રક મુજબ જલારામ મંદિર ખુલવાનો સમય સવારે ૬.૦૦ કલાકે, રામેશ્વર મહાદેવની આરતીનો સમય સવારે ૬.૩૦ કલાકે અને જલારામ બાપાની આરતીનો સમય સવારે ૬.૪૫ કલાકનો રહેશે. તેમજ ગુરુવાર સિવાય બપોરે ૧૨ થી સાંજે ૪ કલાક સુધી મંદિર બંધ રહેશે. સાંજે ૪.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન મંદિર દર્શન કરવાનો સમય રહેશે. સાંજની રામેશ્વર મહાદેવની સંધ્યા આરતી ૬.૩૦ કલાકે અને જલારામ બાપાની સંધ્યા આરતીનો સમય ૬.૪૫ કલાકનો રહેશે તથા પ્રતિ માસના બીજા અને ચોથા શનિવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સુંદરકાંડના પાઠ યોજાશે. નગરના તમામ ભાવિક ભકતોને નોંધ લેવા જલારામ સેવા સમાજે અનુરોધ કર્યો છે.

વિજાપુરમાં ચાદર પોશીનો હલ્ક એ ઝિંકનો કાર્યક્રમ યોજાયો

મહેસાણા જિલ્લાના વિજાપુર ખાતે આવેલ મોહદ્રીશ આઝમ મિશન દ્વારા શહેરમાં આવેલ દાદા ફકીર બાવાની દરગાહ ખાતે કીછોછાના ગાદીપતી હઝરત અસ્કરીમીયાંના હસ્તે ચાદર પોશીનો હલ્ક એ ઝિંકનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઈદગાહના મુખ્ય ટ્રસ્ટી તલત મહંમદ સૈયદ, પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ અને પૂર્વ ગૃહમંત્રી નરેશભાઈ રાવલે હાજરી આપી ગાદીપતિના આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે મુસ્લીમ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાઈ ગાદીપતિ સાથે યુવકોએ બાઈક રેલી ફેરવી હતી. જેમાં કાર્યક્રમનું સંચાલન મિશનના પ્રમુખ ઈદ્રીશખાન પઠાણ, અસ્પાકઅલી સૈયદ, તાબીશ સૈયદ, તન્જીલ સૈયદ, નુરુલ હસન સૈયદ, સદ્દામ સૈયદ વગેરે કારોબારીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રના તબીબ દ્વારા ૧૦૮ સેવાનો દુરૂપયોગ કરાઈ હોવાની રજુઆત

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ગાયનેક તબીબ દ્વારા પ્રસુતિ માટે આવતી મહિલા દર્દીઓ પાસેથી નાણાં પડાવવામાં આવતા હોવાની ફરિયાદની તપાસ જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવી છે. જોકે સરકાર દ્વારા ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રને બે એમ્બ્યુલન્સ દર્દીઓ માટે ફાળવી હોવા છતાં ગાયનેક તબીબ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો દૂરૂપયોગ કરી સ્ટાફ સાથે બેહુદુ વર્તન કરવામાં આવતું હોવાની વધુ એક ફરિયાદ ૧૦૮ના અધિકારીએ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે ખેડબ્રહ્મા સી.એચ.સી.માં ફરજ બજાવતા ગાયનેક તબીબ ડૉ. અશ્વિન ગઢવી દ્વારા પ્રસુતિ માટે આવતી મહિલા દર્દીઓ પાસેથી નાણાં લેવામાં આવતા હોવાની ફરિયાદની તપાસ જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ દ્વારા કરાઈ રહી છે. દરમ્યાન ૧૦૮ના અધિકારી કલ્પેન્દ્રસિંહ જેતાવતે જિલ્લા આરોગ્ય અધિકારી સમક્ષ લેખિત રજુઆત કરતા જણાવ્યું હતું કે ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રને સરકાર દ્વારા બે એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી હોવા છતાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ગાયનેક તબીબ ડૉ. અશ્વિન ગઢવી દ્વારા દર્દીઓને સારવાર માટે રીફર કરવાનું થાય ત્યારે દર્દીઓના સગાઓને ૧૦૮ને ફોન કરીને બોલાવા માટે જણાવવામાં આવે છે.

બીજી તરફ ૧૦૮નો સ્ટાફ જ્યારે ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીને લેવા માટે પહોંચે છે ત્યારે ૧૦૮ના સ્ટાફ સાથે અણછાજતુ વર્તન કરવામાં આવતુ હોવાનો આક્ષેપ કરતી રજુઆત મળ્યા બાદ સોમવારે ૧૦૮ના સ્ટાફ દ્વારા ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને સીફ્ટ કરવા માટેનો કોલ આવતા સ્ટાફ પહોંચી ગયો હતો. જ્યાં તેમની સાથે ઉદ્ધતાઈ ભર્યુ વર્તન કરવામાં આવતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સી સમક્ષ લેખિત રજુઆત કરવામાં આવી છે.

આ અંગે મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીએ જણાવ્યું હતું કે ૧૦૮ના અધિકારી કલ્પેન્દ્રસિંહ જેતાવતની રજુઆત મળી છે જેની જાણ જિલ્લા કલેક્ટરને કરાશે.

દશેરાના દિવસે ગાંધીનગરમાં અશ્વ પૂજનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા નજીક નેનોસીટી પાસેના પ્લોટ ખાતે તા. ૨૨મી ઓકટોબર ગુરુવારે દશેરા નિમિત્તે સવારે ૯ કલાકે અશ્વ પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના અશ્વપ્રેમી મિત્ર મંડળ દ્વારા દશેરાના દિવસે અશ્વ પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ઉપસ્થિત રહેવા નગરના તમામ અશ્વપ્રેમીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રસિધ્ધ ધોળેશ્વર મહાદેવના મહંત અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે દશેરાના દિવસે ઘોડા દોડનું પૌરાણિક કાળથી સવિશેષ મહત્વ રહ્યું છેત્યારે ગાંધીનગરમાં પ્રથમ વાર દશેરા નિમિત્તે યોજાનાર અશ્વ પૂજન નગરના અશ્વ પ્રેમીઓ માટે આકર્ષણરૂપ નજરાણું બની રહેશે.

દશેરાએ નગરમાં સમ્રાટ અશોક વિજયાદશમી ઉજવાશે

ગાંધીનગરમાં તા. ૨૨મી ઓક્ટોબરે દશેરાના દિવસે નગરમાં વસતા બૌધિસ્ટો દ્વારા 'સમ્રાટ અશોક વિજયા દશમી'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે. ૩-સી ખાતેના પ્લોટ નં. ૧૪૩૪/૧ આયુષ્યમાન મનીષ ખાણીયાના નિવાસસ્થાને યોજાશે. જેમાં બુદ્ધવંદના, એક પાત્રીય અભિનય તથા સિનિયર બૌધિસ્ટ બુદ્ધપ્રિય મૈત્રકનું વ્યક્તવ્ય યોજાશે.

ભારતના ઈતિહાસમાં વિજયા દશમીએ સમ્રાટ અશોકના કલિંગના યુદ્ધ પછી બૌદ્ધ ભિક્ષુના સંપર્કમાં આવતા દીક્ષા ગ્રહણ કરી હતી. બૌદ્ધો માટે ભગવાન બુદ્ધના મંગલ ગર્ભ મહોત્સવ તથા બુદ્ધ પૂર્ણિમા પછીનો મોટો ઉત્સવ સમ્રાટ અશોક વિજયાદશમી ગણાય છે. આ દિવસે તમામ બૌધિસ્ટો ઘણા આનંદથી ધમ્મચક્ર, પ્રવર્તન દિન તરીકે આનંદપૂર્વક ઉજવાય છે. જેમાં ભાગ લેવા તમામ ધર્મપ્રેમી નગરજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરની ડીમ યુનિવર્સિટીનું ગૌરવ સમુ ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલયની ટીમ, ચંડીગઢ ખાતે આંતર યુનિવર્સિટી સ્વિમીંગ હરીફાઈ માટે પ્રતિનિધિત્વ કરી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે. ટીમમાં (૧) મૈથિલી ભટ્ટ (૨) જયરાજ રાઠોડ (૩) દીપ કોઠારી (૪) અભિષેક ચૌધરી (૫) આનંદ અને ટીમ મેનેજર તરીકે અશોક રાઠોડ, ખેવના ભટ્ટ.

સેક્ટર-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં ગટર, માર્ગ અને થાંભલા અપગ્રેડ કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેકટર-૨૭ની સ્વસ્તિક સોસાયટીમાં વસાહતીઓએ છેલ્લા ઘણા સમયથી ગટરલાઈન, માર્ગો અને સ્ટ્રીટલાઈટના મામલે ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. ત્યારે આ તમામ મામલે માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરને લેખિતમાં રજૂઆત કરી તાત્કાલિક ધોરણે તમામ સમસ્યાઓ દૂર કરવા માંગ કરી છે.

શહેરની સેક્ટર-૨૭ સ્થિત સ્વસ્તિક સોસાયટીમાં નં. ૧૦૦૩થી ૧૧૫૪ સુધી મકાનો આવેલા છે. જ્યાં વર્ષો પહેલા નાની ગટર લાઈન નાંખવામાં આવી હતી. પરંતુ હવે આ ગટરલાઈનમાં વારંવાર મુશ્કેલી ઉભી થાય છે અને વારંવાર ગટર ઉભરાવવાના બનાવો બને છે. તેમજ સ્થાનિકોના મકાનમાં રસોડામાં બાથરૂમમાં અને સંડાસમાં ગંદુ ગટરનું પાણી આવે છે. આથી ભારે દુર્ગંધ મારે છે. પરિણામે રહિશોને રોગનું ભોગ બનવું પડે છે. ઉપરાંત સે. ૨૭ના ટેનામેન્ટમાં નં. ૧૧૩૧ થી ૧૧૪૬ના મકાનો વચ્ચે પડતો રસ્તો ખુબજ નીચો છે. જેના લીધે વારંવાર વરસાદમાં પાણી ભરાવવા ને મચ્છરનો પણ ઉપદ્રવ થાય છે. ત્યારે રહિશો ભારે પરેશાન થઈ ગયા છે અને બંધ થાંભલા, આંતરિક માર્ગો અપગ્રેડ કરવા અને ગટરલાઈન અપગ્રેડ કરવા સ્વસ્તિક સોસાયટી સે. ૨૭ના રહિશોએ તંત્રને લેખિતમાં રજુઆત કરી માંગ કરી છે.

ધોળકા તાલુકાના ચિલોડા ગામે સી.બી. વિદ્યાવિહાર શાળાને સ્માર્ટક્લાસની ભેટ

એક વર્ષમાં છેવાડાના ગામડાઓની શાળામાં ૧૦૦ જેટલી સ્માર્કક્લાસોનું આયોજન હાથ ધરવાની સંસ્થાના પ્રમુખ મગનભાઈ પટેલની જાહેરાત

ગાંધીનગર, તા. ૨૦

વટવા લાયન્સ કલબે ધોળકા તાલુકાની ચિલોડા ગામની શ્રી સી.બી. વિદ્યાવિહારને દાન કરેલ સ્માર્ટક્લાસનું તાજેતરમાં ક્લબના પ્રમુખશ્રી મગનભાઈ પટેલના વરદ્ હસ્તે ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર ઉપર શૈક્ષણિક જ્ઞાનની સાથે સાથે જનરલ નોલેજ મેળવી શકે તે માટે રૂ. ૩૦ હજારના સોફટવેર પણ આપવામાં આવ્યા હતા.

લાયન્સ કલબ વટવા દ્વારા પ્રારંભ કરાયેલ સુવિધા મિશનના અંતર્ગત છેવાડાના ગામડાઓની શાળામાં સ્માર્ટ ક્લાસનું ડોનેશન કરી તેમાં શ્રેષ્ઠ સુવિધાઓ આપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. શ્રી સી.બી. વિદ્યાવિહાર ખાતે સ્માર્ટક્લાસનું ઉદ્દ્ઘાટન કર્યા પછી લાયન્સ કલબ વટવાના પ્રમુખ શ્રી મગનભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વર્ષે ગ્રામ્ય તેમજ અતિ નાના સ્લમ એરિયાના અને મધ્યમ પરિવારના ભણતા બાળકોનું શિક્ષણ સ્તર ઉંચુ આવે અને આજના ટેકનોલોજી યુગ સાથે તેઓ તાલ મેળવી શકે તે માટે આર્થિક રીતે સમાજના સબળ લોકોનો સાથ સહકાર લઈ તમામ સુવિધાઓ સાથેના ૧૦૦ જેટલા સ્માર્ટ ક્લાસોનું ડોનેશન કરી શાળાઓમાં શૈક્ષણિક ક્રાંતિને વેગ આપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. હું પણ મારી આવકનો અમુક ભાગ આપી આ ૧૦૦ ટકા પ્રોજેક્ટને એક વર્ષમાં પુર્ણ કરવા આ મિશન આગળ ધપાવવાનો છું. તેમણે સી.બી. વિદ્યાવિહાર શાળાની કામગીરીને બિરદાવી હતી. બાળકોમાં સફળતા માટે વાલીઓનું સમર્પણ ખુબ જ જરૂરી પાસુ છે. બાળકો માટે શાળા 'ઘર' બનવું જોઈએ અને ઘર 'શાળા' બનવી જોઈએ. આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબના હોદ્દેદારો, સભ્યો, શ્રી સી.બી. વિદ્યાવિહારના ટ્રસ્ટીઓ, શિક્ષકો વિદ્યાર્થીઓ તેમજ ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જાડીસીબલમાં લગ્ન કરાવી છેતરપિંડી કરનાર યુવતી સહિત ચારની ધરપકડ

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાના જાડીસીબલની યુવતીનું લગ્ન કરાવી ફેરવી તોડનાર અને પહેરામણી સહિત રૂ. ૧,૭૩,૬૦૦ની માલમત્તા પડાવી લઈ જાનથી મારી નાંખવાની ધમકી આપનાર ચારની એલસીબી પોલીસે ઝડપી લઈ કોર્ટમાં રજુ કરી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

આ અંગે મળતી વિગતો અનુસાર ઊંઝા તાલુકાના ઉપેરા ગામના જયદીપભાઈ બાબુભાઈ પટેલ સાથે ખેડબ્રહ્મા તાલુકાના જાડીસીબલની રમીલાબેન ફાંગણાભાઈ અંગારી (ઉં.વ. ૧૯)નું દેરોલ મંદિરમાં લગ્ન થયા હતા. ઉપેરાના લોકોને વિશ્વાસમાં લઈ લગ્ન વિધિ દરમ્યાન ભાવેશભાઈના મોબાઈલથી ફોટા પાડ્યા હતા. ત્યાર બાદ અમારા મંદિરે દર્શન કરવાના છે તેમ કહી મંદિરે વર-કન્યાને લઈ જતા રસ્તામાં અમારે લગ્ન કરવા નથી તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ. ૨૦ હજાર રોકડા, ૪ મોબાઈલ, ૧ કેમેરો, સાડી વગેરે મળી રૂ. ૧,૭૩,૬૦૦ની છેતરપિંડી કરી હતી. આ કેસની તપાસ એલસીબીને સોંપાતા પી.આઈ. એસ.ડી. પટેલ સહિત સ્ટાફે શુક્રવારે પનાભાઈ અરજણભાઈ ખોખીયા, જગદીશભાઈ શંકરભાઈ ખોખરીયા બંને પઢરા, ગોવિંદભાઈ હોમીડાભાઈ પારઘી (હિંગટીયા) તથા પરિણીતા રમીલાબેન ફાંગણાઈ અંગારીની ધરપકડ કરી હતી અને રૂ. ૨ હજાર રોકડા, સાડી-પરિણીતાના જોડી કપડા તથા રૂ. ૨ રોકડા જપ્ત કર્યા હતા.

ઈસરી પંથકમાં તસ્કરોનો ત્રાસ યથાવત : કુણોલ નવજીવન છાત્રાલયના તાળા તોડી ૧૫ હજારની ચોરી

ઈસરી, તા. ૨૦

મેઘરજ તાલુકાના ઈસરી પંથકમાં તસ્કરોનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. ઈસરી પોલીસ સ્ટેશનની નબળી કામગીરીથી લોકોમાં રોષ ફેલાયો છે. મેઘરજના કુણોલ ગામમાં આવેલી શ્રીકૃણોલ નવજીવન છાત્રાલયના દરવાજાના તાળા તોડી સોમવારે રાત્રે લુંટારૂઓ ત્રાટકી ઓફીસમાં રહેલ એચ.સી.એલ. કંપનીનું ૧૭ ઈંચનું મોનીટર તથા સીપીયુ અને કિબોર્ડ મળી કુલ ૧૪ હજાર અને બેટરી નંગ-૧ કિંમત રૂ. ૧૦૦૦ મળી કુલ રૂપિયા ૧૫ હજારના વિજ ઉપકરણોની લૂંટ ચલાવી તસ્કર ગેંગ ફરાર થઈ ગઈ હતી.

ઈસરી પોલીસે કિરણભાઈ કાવજીભાઈ નીનામા (રહે. આંતોલી)ની ફરિયાદના આધારે ઈસરી પોલીસે ઈ.પી.કો. કમલ ૪૫૭, ૩૮૦ મુજબ ફરિયાદ નોંધી લુંટારૂઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. જ્યારે અન્ય એક ગુનામાં તસ્કરોએ મેઘરજના મુખ્ય માર્ગ પરના પાનના દુકાનને નિશાન બનાવી તેના તાળા તોડ્યા હતા અને રૂ. ૩ હજાર રોકડ અને ચેક બુક થતા એટીએમ કાર્ડની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મહેનતાણુ ચુકવાયું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેન પાવર ઉપલબ્ધ ન હોવાથી ટ્રાફિક તંત્ર માટે પણ શહેરમાં ટ્રાફિક નિયમનની જવાબદારી સંભાળવાનુ અધરુ બન્યુ છે. જ્યારે ટ્રાફિક નિયમનની સરળતા માટે જિલ્લા ટ્રાફિક બિગ્રેડના જવાનોને જોડવામાં આવ્યા છે. જેની મદદથી ટ્રાફિક પોલીસનુ કામ પણ સરળ બને તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક બિગ્રેડના જવાનોને મહેનતાણુ ચુકવાયુ ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ટ્રાફિક બિગ્રેડના જવાનોને છેલ્લા પાંચ મહીનાથી મહેનતાણુ ન ચુકવાતા તહેવાર ટાંણે તેમની હાલત દયાજનક બની છે. કાવડીયાના અભાવે તેમના પરિવારજનો પણ આર્થિક મુસીબતમાં મુકાયા છે. સરકાર કક્ષાએથી આ જવાનોને મહેનતાણુ ચુકવવા માટે નાંણાની ફાળવણી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે. દિવાળી પુર્વે તેમને મહેનતાણાંની રકમ ચુકવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

શ્રેણીની શક્યતા નથી...● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે પણ વાતચીત થશે તે વાતચીત બીસીસીઆઈના પ્રમુખ દ્વારા કરવામાં આવશે. આ મામલા ઉપર અંતિમ નિર્ણય બીસીસીઆઈના વડા લેશે. શ્રેણી યોજાય કે ન યોજાય આ અંગે નિર્ણય મંત્રણા બાદ લેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, હાલમાં કોઈપણ તારણ ઉપર પહોંચવાની બાબત યોગ્ય નથી. જ્યારે પણ વાતચીત થશે ત્યારે બીસીસીઆઈ પ્રમુખ સાથે થશે. બીસીસીઆઈના પ્રમુખ શશાંક મનોહર સાથે મુંબઈમાં વાતચીત ચાલી રહી છે. શિવસેના દ્વારા હાલમાં જ જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા બાદ સોમવારના દિવસે મુંબઈમાં વાતચીત યોજાઈ શકી નહતી. બીસીસીઆઈની ઓફિસમાં શિવસેનાના કાર્યકરો ઘુસી ગયા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. વાનખેડે સ્ટેડિયમ ખાતેની ઓફિસમાં કાર્યકરોએ હોબાળો મચાવ્યા બાદ વાતચીતને મોકુફ કરાઈ હતી. દ્વિપક્ષીય શ્રેણીની શક્યતા હવે દેખાઈ રહી નથી. કારણકે, બન્ને ક્રિકેટ બોર્ડ વચ્ચેની વાતચીત અચોક્કસ મુદત માટે મોકુફ કરી દેવામાં આવી છે. શિવસેના સહિત કેટલાક સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવતા બન્ને દેશો વચ્ચે શ્રેણીને લઈને વિખવાદની સ્થિતિ ઊભી થઈ ગઈ છે. હાલમાં બનાવોની સીધી અસર શ્રેણી ઉપર થઈ છે. શિવસેનાના વિરોધના લીધે પાકિસ્તાની ગાયક ગુલામ અલીના કાર્યક્રમને રદ કરવાની ફરજ પડી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ શ્રેણીને લઈને જોરદાર વિરોધ પ્રદર્શન જારી છે. શિવસેનાનું કહેવું છે કે એકબાજુ પાકિસ્તાન દ્વારા સરહદ ઉપર તંગદીલી ઉભી કરવામાં આવી રહી છે, બીજીબાજુ ભારત સાથે ક્રિકેટ શ્રેણી ઈચ્છે છે તેને ચલાવી લેવામાં આવશે નહીં. શિવસેનાએ ભૂતકાળમાં પણ જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.

જાહેર નિવિદા (હરાજીની) નં. ૪ (એસ.કે.) સને ૨૦૧૫-૧૬

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા, બિન ઉપયોગી સ્ટીલ (માલસામાન) ૫૭૬૫ કિલોનો હરાજી દ્વારા નિકાલ કરવાનો હોય પાન નંબર / ટીન નંબર ધરાવતા ઈસમો / વેપારીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો રોકડા રૂ. ૬૦૦/- ફી ભર્યેથી તા. ૨૯/૧૦/૨૦૧૫ સમય ૧૬.૦૦ કલાક સુધી આપવામાં આવશે. અને ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૪/૧૧/૨૦૧૫ સમય ૧૬.૦૦ કલાક સુધીમાં ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. ભાવપત્રક સાથે જામીન અનામતની રકમ રૂ. ૬૦૦૦/-ની એફ.ડી.આર. અવશ્ય આપવાની રહેશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

માહિતી/૧૭૭૩/૨૦૧૫-૧૬

અનોડીયા પુલ પાસે રીક્ષાચાલક તથા ત્રણ ઈસમોએ મહિલાના દાગીના લૂંટી લેતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

-ઇંતિજથી મહુડી જવાના રોડ પર લોદરા તરફ જતી એક રીક્ષાના ચાલકે તેની જ રીક્ષામાં બેઠેલી મહિલા મુસાફરના પર્સમાંથી નજર ચૂકવી રૂા.૫૦,૮૦૦?? દાગીના લૂંટી લીધા હતા. જે અંગે મહિલાએ રવિવારે -ઇંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગત શનિવારે સાંજના સુમારે -વિણાબા અર્જુનસિંહ રાઠોડ લોદરા જવા માટે અનોડીયા પુલ પાસે ઉભા હતા ત્યારે અહીંથી એક સી.એન.જી. રીક્ષાના ડ્રાઈવર તથા અન્ય ત્રણ જણાએ -વિણાબાને કહ્યુ હતું કે રીક્ષા લોદરા જાય છે તેમ કહેતા -વિણાબા તેમાં બેસી ગયા હતા. ત્યારબાદ -વિણાબાની ધ્યાન બહાર રીક્ષા ચાલક અને અન્ય ત્રણ શખ્સોએ તેમના પર્સમાંથી રૂા.૨૫ હજારની કિંમતનું સોનાનું ડોકીયુ, રૂા.૨૫ હજારની સોનાના ગુલ્લર તથા રૂા.૮૦૦?? બે સોનાની ચૂનીની ચોરી કરી લીધી હતી. જે અંગે -વિણાબાને ખબર પડતા ચારેય અજાણ્યા શખ્સો વિરૂધ્ધ રવિવારે -ઇંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

તુવેરદાળનો ભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તુવેરદાળના ભાવ વધારા માટે ઉત્પાદકોએ જણાવેલ કે, ગુજરાત કઠોળ ઉત્પાદનમાં ખાધવાળુ રાજ્ય છે. ઉપરાંત બે વર્ષ દરમ્યાન વરસાદ ઓછો થવાના કારણે તુવેરનું ઉત્પાદન ઓછુ થયેલ. આથી રાજ્યના ઉત્પાદકોને તુવેરની આયાત કરવાની ફરજ પડેલ છે. ને ચાલુ વર્ષે આયાતી તુવેરના ભાવ ઉંચા હોવાથી રાજ્યમાં તુવેરદાળના ભાવ સામાન્ય સપાટીથી વધારે રહ્યા છે.

રાજ્ય સરકારે આમ પ્રજા અને ગરીબ કુટુંબોને ધ્યાનમાં રાખી વાજબી ભાવે તુવેરદાળ ઉપલબ્ધ થાય તેવો અનુરોધ કરેલ. જેનો ઉત્પાદકોએ હકારાત્મક પ્રતિસાદ આપેલ. ખાસ કરીને દિવાળીનાં તહેવારમાં લોકોને મુશ્કેલી ન પડે તેમજ પ્રજાનાં હિતમાં રાજ્ય સરકારની લાગણીને માન આપીને ઉત્પાદકોએ પ્રતિ કિલો રૂ. ૧૩૫નાં ભાવે આયાતી તુવેરદાળ આપવાની તૈયારી દર્શાવેલ અને જો આયાતી તુવેરનો ભાવ ઘટે તો હજુ પણ ભાવ ઘટાડવાની ખાતરી આપેલ હતી. ઉત્પાદકોના પ્રતિસાદને ધ્યાને લઈ જથ્થાબંધ વિક્રેતાઓએ પણ ખુબ ઓછો નફો રાખી એટલે કે, એક ટકા જેટલો ખર્ચ રાખીને તુવેરદાળ વિતરણ કરવાની તૈયારી દર્શાવેલ.

પાંચમી વાર વરણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન મધુર ડેરીએ અપ્રતિમ વિકાસ કર્યો છે. આ તબક્કે ડો શંકરસિંહ રાણાએ જણાંવ્યુ હતુ કે પશુપાલકોએ મુકેલા વિશ્વાસને ગ્રાહકોના માધ્યમથી પરિપુર્ણ કરવા પ્રયત્ન કરીશુ. તેમણે જણાંવ્યુ હતુ કે સૌનો સાથ સૌનો વિકાસનો અભિગમ અપનાવાશે. મધુર ડેરીને તેના સીમાંકનના પ્રશ્નો વર્ષોથી રહેલા છે. શહેરના વિકાસને દુધની બનાવટોથી પહોંચી વળવા માટે હજુ ઘણુ કરવાનુ બાકી છે. પશુપાલકોજ નહીંપરંતુ ૩ લાખ ગ્રાહકો માળખામાં સચવાય તે પણ જોવાનુ છે. આગામી તા ૨૪ ઓકટોબરના રોજ ૧૨:૩૯ કલાકે તેઓ ચેરમેન પદનો ચાર્જ સંભાળશે.

વિચારોના મધુવનમાં (૪ પાનાનું ચાલુ...)

અને નક્કર માહિતી આપો, ખોટા વચનોથી ભ્રમિત કરશો તો અંતે કંપનીને જ ખોટ જશે.

ઈજિપ્તના લોકો દિવાલ પોસ્ટર પર વેચાણ સંદેશા માટે પેપીરસનો ઉપયોગ કરતા. પોમ્પેઈ અને પ્રાચીન અરેબિયાના પતન માટે વાણિજ્યિક સંદેશા અને રાજકીય અભિયાનની રજૂઆતો જોવા મળી હતી. પ્રાચીન ગ્રીસ અને પ્રાચીન રોમમાં પેપિરસ પર ખોવાયેલી અને મળેલી જાહેરાતો પ્રચલિત હતી. ભીંત અથવા દિવાલ પરના ચિત્રો એ પ્રાચીન વાણિજ્યિક જાહેરાત સ્વરૂપનું આગવુ પાસુ છે અને એશિયા, આફ્રિકા, તથા દક્ષિણ અમેરિકાના ઘણા વિસ્તારોમાં વર્તમાન સમયમાં પણ તેને જોઈ શકાય છે.

ભીંતચિત્રોની કલાના મૂળ ભારતીય પવર્ત કળા ચિત્રોમાં જોઈ શકાય છે, જે ઈ.પૂ. ૪૦૦ કરતાં પણ પ્રાચીન છે. જો મા-બાપ બાળકની દુનિયામાં નહિ પ્રવેશે તો બીજું કોઈ તેની જગ્યા લઈ લેશે. તે જાહેરાત હોઈ શકે, મિત્ર હોઈ શકે કે ટીવી લઈ શકે. બાળકને વસ્તુઓની જાહેરાતના માધ્યમથી સંસારને સમજવામાં અનેક ગડમથલ કરીશકે છે.

ઓપન ઈન્ટરવ્યુ

ગુજરાત હરિજન સેવક સંઘ, અમદાવાદ દ્વારા સંચાલિત મ.લા.ગાંધી કુમાર છાત્રાલય, સબ જેલ પાસે, મેઘરજ રોડ, મોડાસા, જિ.અરવલ્લી ખાતે માસિક રૂા.૩૦૦૦/- ના ફીકસ વેતનવાળી 'રસોઈયા' ની એક ખાલી જગા ભરવા માટે ધોરણ ૮ પાસ, ૧૮ થી ૩૩ વર્ષની વયના, અનુભવી અનસૂચિત જાતિના સ્ત્રી / પુરૂષ ઉમેદવારોને તા.૨૮/૧૦/૨૦૧૫ ને બુધવારના રોજ બપોરના ૧૨ વાગે, મ.લા.ગાંધી કુમાર છાત્રાલય કાર્યાલય ખાતે, રસોઈયાની એક જગા પરની ભરતી માટેના ઈન્ટરવ્યુ માટેના તેમના શૈક્ષણિક અને અનુભવના પ્રમાણપત્રો સાથે હાજર રહેવા ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રીશ્રી દ્વારા જણાવવામાં આવે છે. અનુસૂચિત જાતિના ઉમેદવારો ના મળે તો અન્ય જાતિના ઉમેદવારોને પણ તક આપી શકાશે. છાત્રાલયના કર્મચારીઓ છાત્રાલયમાં રહેવાનું ફરજીયાત છે.

ગુજરાત હરિજન સેવક સંઘ
ગાંધીઆશ્રમ, અમદાવાદ - ૩૮૦૦૨૭

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર
અને
શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ
આયોજિત
૪૦મો વિજયદશમી તહેવાર

આથી રાજપૂત સમાજના પરિવારોને સવિનય સાથે જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ક્ષત્રિય, રાજપૂતોના ઈતિહાસ, શૌર્ય અને શક્તિના પ્રતિક એવા મુખ્ય તહેવાર દશેરાનો ૪૦મો 'વિજયા દશમી મહોત્સવ'ની ઉજવણીનો જાહેર કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં સમુહ શસ્ત્ર પૂજન, સરસ્વતી પૂજન વિધિનો સમાજનો જાહેર કાર્યક્રમ તા. ૨૨/૧૦/૨૦૧૫ના રોજ શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ૩-૦૦ થી ૫-૦૦ કલાકે રાખેલ છે. તો તેમાં રાજપૂત સમાજના તમામ ભાઈઓએ પોતાના શસ્ત્રો ઘરેથી લઈને તથા માથે સાફો ધારણ કરીને પોતાના પરિવાર સાથે આ કાર્યક્રમમાં પધારવા જાહેર આમંત્રણ છે.

આપનો વિશ્વાસુ
સહી/-
(કરણસિંહ બી. વાઘેલા)
પ્રમુખ,
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર